મંડળીના નવા મકાન માટે કોઈપણ કામ થયા વગર જ કોન્ટ્રાક્ટરને 20 લાખ રૂપિયા ચૂકવી દેવાયા

# અલારસા દૂધ મંડળીમાં લાખોની ઉચાપતનો આક્ષેપ : 10 પ્રતિવાદીઓને નોટિસ અપાઈ

**ચેરમેન** સેક્રેટરી સહિત કુલ 10 વ્યક્તિઓને આગામી 18 માર્ચ 2026ના રોજ હાજર રહેવા આદેશ



(પ્રતિનિધિ) બોરસદ તા.1

બોરસદ તાલુકાની અલારસા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં વહીવટી ગેરરીતિ અને નાણાકીય ઉચાપત થઈ હોવાના ગંભીર આક્ષેપો સાથે આણંદની બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે કોર્ટે મંડળીના સેક્રેટરી સહિત કુલ 10 વ્યક્તિઓને કારણ દર્શક નોટિસ ફટકારી આગામી 18 માર્ચ 2026ના રોજ હાજર રહેવા આદેશ કર્યો છે.

મળતી માહિતી મુજબ અલારસા દૂધ મંડળીના સભાસદ બાબુભાઈ મણીભાઈ ચૌહાણ અને પ્રવિણસિંહ લાલસિંહ મહિડા દ્વારા સહકારી કાયદાની કલમ-96 હેઠળ દાવો દાખલ કરવામાં આવ્યો છે. વાદીઓનો આક્ષેપ છે કે તત્કાલિન હોદ્દેદારો અને સભ્યોએ હોદ્દાનો દુરુપયોગ કરી મંડળીના નાણાંની ઉચાપત કરી છે. મંડળીના નવા મકાન માટે કોઈપણ કામ થયા વગર જ કોન્ટ્રાક્ટરને 20 લાખ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા હતા. સભાસદોના વિરોધ બાદ કોન્ટ્રાક્ટર પાસેથી 8 લાખ રૂપિયા પરત મેળવાયા છે, પરંતુ બાકીના 12 લાખ રૂપિયા હજુ પણ વસૂલાયા નથી. આ ઉપરાંત ઉચાપત છુપાવવા માટે તત્કાલીન હોદ્દેદારો સભ્યોએ સભાસદોની ખોટી સહીઓ કરી 16 ડિસેમ્બર 2023ના રોજ ખોટી રીતે સાધારણ સભા યોજી હોવાનો પણ દાવો કરાયો છે.

ફરિયાદ પક્ષ દ્વારા કોર્ટ સમક્ષ માંગણી કરવામાં આવી છે કે મંડળીના હિત અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા બદલ કસૂરવાર હોદ્દેદારો સભ્યોને હોદ્દા પરથી તાત્કાલિક દૂર કરવામાં આવે. આ સાથે જ મંડળીમાં વહીવટદારની નિમણૂંક કરી જવાબદારો વિરુદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે.

આ કેસની વધુ સુનાવણી 18 માર્ચ 2026ના રોજ હાથ ધરવામાં આવશે, જેમાં પ્રતિવાદીઓએ વચગાળાના મનાઈ હુકમ સામે પોતાના જવાબ રજૂ કરવાના રહેશે. જો પ્રતિવાદીઓ હાજર રહેવામાં કસૂર કરશે, તો કોર્ટ તેમની ગેરહાજરીમાં નિર્ણય લઈ શકે છે.

અમદાવાદની કંપનીએ લાઇસન્સ વગર જ દવા બનાવી ખેડૂતોને પધરાવી

# ખેડૂતોનું નખ્ખોદ વાળતું નકલી જંતુનાશક દવાનું રેકેટ ઝડપાયું

**સોજિત્રાના કાસોરના** એગ્રો સેન્ટરના સંચાલકો સહિત ત્રણ સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) આણંદ તા.1

સોજીત્રા તાલુકાના કાસોર ગામમાં આવેલા ધોળેશ્વર એગ્રો સેન્ટરમાં બનાવટી અને હલકી ગુણવત્તાવાળી જંતુનાશક દવાઓ વેચવાનું મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. ખેતીવાડી વિભાગની તપાસમાં ખુલાસો થયો છે કે અમદાવાદની ગાયત્રી એગ્રો ટેક નામની કંપની કોઈપણ પ્રકારના ઉત્પાદન લાયસન્સ વગર જંતુનાશક દવા બનાવી ખેડૂતો સાથે છેતરપિંડી કરી રહી હતી.

કાસોરના ધોળેશ્વર એગ્રો સેન્ટરમાં 'બલવાન 505' (ક્લોરપાયરીફોસ 50 ટકા + સાયપર મેથ્રીન 5 ટકા) જેવી હલકી ગુણવત્તાવાળી દવાનું વેચાણ થતું હોવાની આશંકાના આધારે જંતુનાશક ઈન્સ્પેક્ટરે તપાસ હાથ ધરી હતી. આ દવાના નમૂના મેળવી પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં આ જંતુનાશક દવાઓ 'મિસ બ્રાન્ડેડ' જાહેર થઈ હતી. આથી, તપાસ દરમિયાન જ્યારે વિક્રેતાઓને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી, ત્યારે તેઓએ ગાયત્રી એગ્રો ટેક પાસેથી બંધ પેકેટમાં માલ ખરીદ્યો હોવાનો બચાવ કર્યો હતો. બીજી તરફ, ઉત્પાદક ગાયત્રી એગ્રો ટેકને પાઠવેલી નોટિસ સરનામું ન મળવાના કારણે પરત ફરી હતી. નાયબ ખેતી નિયામક (પેસ્ટિસાઈડ્સ) ના અહેવાલમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે આ કંપની પાસે જંતુનાશક દવા ઉત્પાદનનું કોઈ લાયસન્સ જ નથી. આમ, ખેડૂતોની આંખમાં ધૂળ નાખીને આર્થિક નુકસાન પહોંચાડનારા આ રેકેટ અંગે ખેતીવાડી ઈન્સ્પેક્ટર એમ. આઈ. સક્સેનાએ સોજીત્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે વિક્રેતાઓ પ્રિયેશ મનોજ પટેલ (રહે. બાકરોલ), જૈમિન કનુ પટેલ (રહે. કાસોર) અને અમદાવાદની ઉત્પાદક કંપની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# નડિયાદના એકાઉન્ટન્ટ સાથે ₹3.64 લાખની છેતરપિંડી

**લોન** માફીની લાલચ આપી 6 શખ્સોએ નાણાં પડાવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.1

નડિયાદ શહેરમાં સાયબર ક્રાઈમનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં લોન માફીની લાલચ આપી એક જાગૃત આધેડ સાથે 3,64,961ની છેતરપિંડી કરવામાં આવી હતી. ફેસબુક પર 'મુક્તિ અભિયાન' હેઠળ લોન માફ કરાવવાની જાહેરાત જોઈ સંપર્ક કરનાર એકાઉન્ટન્ટને ગઠિયાઓએ ડરાવી-ધમકાવીને લાખો રૂપિયા પડાવ્યા હોવાનું સામે આવ્યું છે.

નડિયાદની જોગેશ્વરી સોસાયટી વિસ્તારમાં રહેતા અને હોસ્પિટલની કેન્ટીનમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા રાજેશભાઈએ નવેમ્બર 2025માં ફેસબુક પર લોન માફી માટેની એક જાહેરાત જોઈ હતી. આ જાહેરાતમાં દાવો કરવામાં આવ્યો હતો કે, 'મુક્તિ અભિયાન' હેઠળ કોઈપણ પ્રકારની લોનનો 60 થી 80% હિસ્સો માફ કરી આપવામાં આવશે. રાજેશભાઈએ આ લાલચમાં આવીને જાહેરાતમાં આપેલા મોબાઈલ નંબર પર સંપર્ક કર્યો હતો.

ઠગ ટોળકીએ શરૂઆતમાં અરજી ફી, ટાઈપિંગ ચાર્જ અને ઈમેલ ચાર્જ જેવા જુદા-જુદા બહાના હેઠળ રકમની માંગણી કરી હતી. ત્યારબાદ ગઠિયાઓએ અસલી રૂપ ધારણ કરી રાજેશભાઈને ડરાવવાનું શરૂ કર્યું હતું કે જો તેઓ વધુ નાણાં નહીં ભરે તો તેમની વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવશે. પોલીસ કાર્યવાહીના ડરથી ગભરાઈ ગયેલા રાજેશભાઈએ 11મી ડિસેમ્બર 2025 થી 29મી જાન્યુઆરી 2026 દરમિયાન કટકે-કટકે કુલ 3,64,961 ગૂગલ પે દ્વારા ટ્રાન્સફર કર્યા હતા. રાજેશભાઈએ વધુ પૈસા આપવાની ના પાડતા, ગઠિયાઓએ લોન અરજી રદ કરવા માટે પણ ચાર્જ ભરવો પડશે તેમ કહી નાણાં પડાવ્યા હતા. આ છેતરપિંડી અંગે રાજેશભાઈએ ફરિયાદ નોંધાવતા નડિયાદ ટાઉન પોલીસે શાહ નવાજ ચૌધરી, વસીમ અક્રમ, સૌરભ, ઈશાન મિલ્ક સપ્લાયર્સ, શૂર અને સુનિલ સામે ગુનો નોંધ્યો હતો.

# આણંદના બજારોમાં હોળી ધૂળેટી પૂર્વે ખરીદી માટે ભીડ

**ખજૂર,** ધાણી, હારડા અને પિચકારીઓની દુકાનો પર ખરીદી માટે લોકો ઉમટયા

(પ્રતિનિધિ) આણંદ, તા.1

આણંદ જિલ્લામાં મહાનગર સહિત શહેરી અને તાલુકા તેમજ ગ્રામ્ય વિસ્તારોના બજારોમાં હોળી-ધૂળેટીના તહેવાર પૂર્વે ખરીદી માટે ગ્રાહકોની ભારે ભીડ ઉમટી રહી છે.

આણંદ જિલ્લામાં હોળી અને ધૂળેટીના તહેવારને લઈને સર્વત્ર ઉત્સાહનો માહોલ છવાયો છે. દરેક શહેર અને તાલુકાના મુખ્ય બજાર વિસ્તારોમાં ગ્રાહકોની ખુબ જ વધારે ચહલપહલ જોવા મળે છે. ખાસ કરીને ખજૂર, ધાણી, હારડા અને પિચકારીની દુકાનો પર પસંદગી મુજબની ખરીદી માટે લોકોની લાંબી કતારો લાગેલી છે. બજારમાં વિવિધ રંગો અને બાળકો માટેની આકર્ષક પિચકારીઓનું વેચાણ નોંધપાત્ર પ્રમાણમાં વધ્યું છે, વેચાણ વધવાથી વેપારીઓમાં પણ હોળી ધુળેટી પર્વ સાથે સંકળાયેલા ધંધા રોજગાર માટે સકારાત્મક આશા ઉભરી છે.

તહેવારની ખરીદી માટે ઉમટેલી ભીડને કારણે બજારોમાં વાહનોની અવરજવરમાં મોટાભાગના વિસ્તારોમાં ભારે અડચણ ઊભી થઈ રહી છે. ટ્રાફિક જામની આ સ્થિતિને પહોંચી વળવા માટે આણંદ જીલ્લામાં પોલીસે વિશેષ ઝુંબેશ હાથ ધરી છે. પોલીસ કાફલાએ મુખ્ય માર્ગો પર આડેધડ ઊભી રહેતી લારીઓ, ખાણી-પીણીના સ્ટોલ્સ અને આડેધડ પાર્ક કરાયેલા વાહનો સામે કડક કાર્યવાહી કરી છે.

# ગાડીના બોનેટ પર સ્ટન્ટ કરતો 'રીલ્સ બાજ' યુવક પકડાયો

**સોશ્યલ** મીડિયા પર વીડિયો વાયરલ થયા બાદ લોકલ ક્રાઇમ બ્રાંચે કાર્યવાહી કરી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.1

મહીસાગર જિલ્લામાં જાહેર માર્ગો પર અન્ય લોકોની જિંદગી જોખમાય તે રીતે વાહનો સાથે સ્ટન્ટબાજી કરી રીલ્સ બનાવનારા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થયેલી એક રીલ્સના આધારે તપાસ હાથ ધરી, કાળા કલરની થાર ગાડીના બોનેટ પર બેસી જોખમી સ્ટન્ટ કરનાર યુવકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસન દ્વારા રસ્તા પર ગાડીઓ કે બાઈક સાથે જોખમી સ્ટન્ટ કરી રીલ્સ બનાવતા ઈસમો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ દરમિયાન પોલીસના ધ્યાને આવ્યું હતું કે, 'pagi^vicky^raj^official' નામના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. પરથી એક વીડિયો અપલોડ કરવામાં આવ્યો હતો. આ વીડિયોમાં એક ઈસમ કાળા કલરની થાર ગાડીના બોનેટ પર બેસીને સ્ટન્ટ કરતો હતો, જે કૃત્ય રસ્તા પરથી પસાર થતા અન્ય લોકો અને પોતાની જિંદગી જોખમાય તેવું હતું.

મહીસાગર એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે. ખાંટના માર્ગદર્શન હેઠળ આ વાયરલ વીડિયોની તપાસ કરતા, સ્ટન્ટ કરનાર ઈસમ મનીષ જગદીશભાઈ મહેરા (રહે. વડદલા તાબે કંથરજીના મુવાડા, તા. બાલાસિનોર) હોવાનું જણાઈ આવ્યું હતું. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આ યુવકને ઝડપી પાડ્યો છે અને તેની વિરુદ્ધ કોઠંબા પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં લગ્ન પ્રસંગે વરઘોડામાં થાર ગાડીની બોડી પર જોખમી રીતે નાચતા વીડિયો લઈ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. હરખઘેલા થઈ કાયદાનું ભાન ભૂલી જાહેર માર્ગો પર જોખમી સ્ટંટબાજી કરતા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### લુણાવાડાની પી.એન. પંડ્યા કોલેજમાં 'વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ' કાર્યક્રમ યોજાયો

**લુણાવાડા |** ભારત સરકારના 'માય ભારત' અંતર્ગત લુણાવાડાની પી.એન. પંડ્યા કોલેજ ખાતે 'કટોકટીના 50 વર્ષઃ ભારતીય લોકતંત્ર માટે સબક' વિષય પર 'વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારિયા તેમજ કોલેજ પરિવારના મહાનુભાવો અને NSSના સ્વયંસેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મહીસાગર જિલ્લાની વિવિધ કોલેજોના 23 સ્પર્ધકોએ લોકશાહીના મૂલ્યો પર પ્રભાવશાળી વક્તવ્યો રજૂ કર્યા હતા, જેમાંથી ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા.



### આણંદની આઇ. જે. પટેલ બી.એડ્. કોલેજમાં 'STEM' શિક્ષણ પર બે દિવસીય કાર્યશાળા યોજાઇ

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈ. જે. પટેલ બી.એડ્. કોલેજમાં વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સહયોગથી 'STEM Hands on Education' વિષય પર બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ બી.એડ્. કોલેજોના 50 જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો, જેમને 10 નિષ્ણાતોએ વિજ્ઞાન વિષયનું પ્રવૃત્તિ અને પ્રયોગો દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. પ્રા. ઉર્મી પટેલ અને પ્રા. જાગૃતિ સોલંકી દ્વારા આયોજિત આ સફળ કાર્યક્રમ બદલ સંસ્થાના ડાયરેક્ટર અને આચાર્યશ્રીએ તમામ સહભાગીઓને અભિનંદન પાઠવ્યા હતા.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ખાનપુરની એમ.એમ. ગાંધી પ્રાયમરી સ્કૂલમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે ક્વિઝ સ્પર્ધા યોજાઈ

**ખાનપુર |** બાકોર-પાંડરવાડા કેળવણી મંડળ સંચાલિત આ શાળામાં આચાર્ય દક્ષાબેન જોષીના માર્ગદર્શન હેઠળ વિજ્ઞાન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ક્વિઝ સ્પર્ધામાં કુલ 18 વિદ્યાર્થીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પાંચ રાઉન્ડના અંતે રસાકસીપૂર્ણ મુકાબલો જોવા મળ્યો હતો. આ સ્પર્ધામાં ટીમ બીએ 25 ગુણ સાથે પ્રથમ, ટીમ સી 22 ગુણ સાથે દ્વિતીય અને ટીમ એ 16 ગુણ સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે જિજ્ઞાસા અને જાગૃતિ વધારવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલ આ કાર્યક્રમ બદલ શાળા પરિવારે તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યાં હતાં.



### બાલાસિનોરની જનોડ દૂધ મંડળી ખાતે કેડીસીસી બેંકના એટીએમ મશીનનું લોકાર્પણ કરાયું

**બાલાસિનોર |** બાલાસિનોર તાલુકાના જનોડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે કેડીસીસી બેંકના નવનિર્મિત એટીએમ મશીનનું ગરિમાપૂર્ણ લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ સુવિધાનું ઉદઘાટન અમૂલ ડેરીના ચેરમેન શાભેસિંહ પરમાર અને ડિરેક્ટર તથા પૂર્વ ધારાસભ્ય રાજેશભાઇ પાઠકના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેડીસીસી બેંકના ડિરેક્ટરો, જનોડ દૂધ મંડળીના ચેરમેન મહેશભાઇ સોલંકી અને સેવા સહકારી મંડળીના ચેરમેન અનોપસિંહ સોલંકી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બેંકના સિનિયર અધિકારીઓ, સ્થાનિક અગ્રણી સહિત મોટી સંખ્યામાં પશુપાલકો હાજર રહ્યાં હતાં.




### આણંદની પી.એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા વિદ્યાર્થીઓ માટે ઇન્ડસ્ટ્રીયલ ટુરનું આયોજન



**આણંદ |** આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત પી. એમ. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન દ્વારા ચોથા સેમેસ્ટરના 214 વિદ્યાર્થીઓ માટે ઇન્ડસ્ટ્રીયલ ટુરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. એચઓડી પ્રા. કાર્તિકભાઈ પટેલ અને અન્ય પ્રાધ્યાપકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઓસ્વાલ મશીનરી લિમિટેડ અને યુનિક ફોર્જિંગ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડની મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમિયાન બીબીએના વિદ્યાર્થીઓએ ઇન્ડસ્ટ્રીના વિવિધ વિભાગોમાં ચાલતી કામગીરી, તેનું આયોજન અને સંચાલન કઈ રીતે થાય છે તે અંગે ઝીણવટભરી માહિતી પ્રાપ્ત કરી હતી.

### મોગરીની મહાત્મા ગાંધી વિદ્યાલયમાં વાર્ષિક ઉત્સવ અને ઇનામ વિતરણ સમારોહ યોજાયો

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત મોગરીની શાળાઓમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય દ્વારા વાર્ષિક મહોત્સવનો ઉમંગભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના મંત્રી કેતનકુમાર પટેલ સહિતના અગ્રણીઓનું બાલિકાઓએ કુમકુમ તિલક કરી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આચાર્ય રાકેશભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ મહોત્સવમાં શિક્ષણ જગતના મહાનુભાવો અને આમંત્રિત મહેમાનોની પ્રેરણાદાયી હાજરીથી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં અનેરો વધારો થયો હતો.




### આણંદ કૃષિ યુનિવર્સિટીના ડો. બિંદુબેન ક્રિશ્ચિયનને શ્રેષ્ઠ મહિલા વૈજ્ઞાનિક એવોર્ડ એનાયત

**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી, વસોના સહપ્રાધ્યાપક ડો. બિંદુબેન એમ. ક્રિશ્ચિયનને કૃષિ વિસ્તરણ શિક્ષણ, સંશોધન અને ખેડૂત સશક્તિકરણમાં નોંધપાત્ર યોગદાન બદલ પ્રતિષ્ઠિત શ્રેષ્ઠ મહિલા વૈજ્ઞાનિક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. સોસાયટી ઓફ એક્સ્ટેંશન એજ્યુકેશન, ગુજરાત દ્વારા ડિજિટલ વિસ્તરણ અને ખેડૂત સશક્તિકરણઃ વિકસિત ભારત તરફનો માર્ગ વિષય પરના રાષ્ટ્રીય સેમિનાર દરમિયાન તેમને આ સન્માનપત્ર અને સ્મૃતિચિહ્ન અર્પણ કરાયા હતાં. આ એવોર્ડ ડો. બિંદુબેનની કૃષિ વિજ્ઞાન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી, શૈક્ષણિક શ્રેષ્ઠતા અને સમાજ પ્રત્યેની તેમની અવિરત સેવાઓનું પ્રતિબિંબ પાડે છે.



### મહિસાગરન વીરપુરના પોલીસ ઇન્સ્પેક્ટર પી.આર. કરણનું ભાજપ દ્વારા સન્માન કરાયું



**વીરપુર |** ચકચારી સાજીદ રાબડી ફાયરિંગ કેસમાં હાઈકોર્ટે પોલીસની કામગીરીને યોગ્ય ગણાવીને પોલીસ વિરુદ્ધનો કેસ રદ કર્યો છે. જેમાં કોર્ટે સ્પષ્ટ કર્યું કે, નિર્દોષ મહિલાઓ અને બાળકોના જીવ બચાવવા માટે તત્કાલીન પીએસઆઈ પી.આર. કરણ દ્વારા કરવામાં આવેલો ગોળીબાર અનિવાર્ય સંજોગોમાં લેવાયેલો કાયદેસરનો નિર્ણય હતો. આ મહત્વના ચુકાદા બાદ ભાજપ પ્રદેશ મંત્રી મુક્તિબેન જોષી અને જિલ્લા-તાલુકા ટીમ દ્વારા વીરપુર પોલીસ ઇન્સ્પેક્ટરનું તેમની બહાદુરી અને ફરજનિષ્ઠા બદલ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

### વિદ્યાનગરના સ્પ્રેરીના 17મા ઓપન હાઉસમાં જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના છાત્રો ક્વિઝમાં ઝળક્યા

**આણંદ |** વલ્લભ વિદ્યાનગરની 'સ્પ્રેરી' સંસ્થા ખાતે યોજાયેલ 17મા ઓપન હાઉસમાં મોગરીની જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના ધોરણ-8ના વિદ્યાર્થીઓ હિતાર્થ અને જૈનીલે આંતર-શાળાકીય ક્વિઝમાં દ્વિતીય રનર્સ-અપ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે. સી.વી. એમ. યુનિવર્સિટીના ચેરમેન ભીખુભાઇ પટેલના હસ્તે વિજેતાઓને મેડલ્સ અને પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. શિક્ષિકા નિકેતાબહેન પંચાલના માર્ગદર્શન હેઠળ મેળવેલી આ સિદ્ધિ બદલ કુલગુરુ ડો. રતિકાકાએ આશીર્વાદ પાઠવ્યા હતા. શાળાના આચાર્યા ઊર્જાબહેન પટેલે વિજેતા વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકને અભિનંદન આપ્યાં હતાં.



### આણંદની અલ્પેશ એન. પટેલ પીજી ઇન્સ્ટિટ્યૂટની વિદ્યાર્થિની 'યુથ પાર્લામેન્ટ'માં દ્વિતીય ક્રમ મેળવ્યો




**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત અલ્પેશ એન. પટેલ પીજી ઇન્સ્ટિટ્યૂટની માઇક્રોબાયોલોજી વિભાગની તેજસ્વી વિદ્યાર્થીની રિયા શર્માએ જિલ્લા કક્ષાની 'યુથ પાર્લામેન્ટ'માં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. રિયાએ કટોકટીના 50 વર્ષઃ ભારતીય લોકતંત્ર માટે સબક વિષય પર પ્રભાવશાળી વક્તવ્ય રજૂ કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ ભવ્ય સફળતા બદલ તેની પસંદગી હવે ગાંધીનગર ખાતે યોજાનારી રાજ્યકક્ષાની યુથ પાર્લામેન્ટ માટે કરવામાં આવી છે. આ સિદ્ધિ બદલ ઇન્ચાર્જ આચાર્ય ડો. ચિરાગ વ્યાસ અને વિભાગીય વડા ડો. નીરવ ભાવસારે તેને અભિનંદન પાઠવ્યાં હતાં.

### તારાપુરના દુગારી ગામે ધારાસભ્ય વિપુલભાઈ પટેલના હસ્તે 'સેવા સેતુ'ના લાભોનું વિતરણ

**તારાપુર |** તારાપુર તાલુકાના દુગારી ગામે ગુજરાત સરકાર આયોજીત સેવા સેતુ 2.0 કાર્યક્રમ સોજીત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે ધારાસભ્યના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને જરૂરી પ્રમાણપત્રો અને કાર્ડ અર્પણ કરીને તેઓને લાભાન્વિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ સંગઠનના હોદ્દેદારો અને વિવિધ સંસ્થાઓના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સ્થાનિક ગ્રામજનોએ પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને સરકારના આ લોકાભિમુખ સેવા સેતુ અભિયાનનો ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.

